પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (33) અંક નં. ૧૫૩ | ૧૧ ઓગસ્ટ, ૨૦૧૮, શનિવાર; અષાઢ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## પ્રભાતના પગરવ...

## પાણીની પરબ સેવા

પાટનગરના પાદરમાં વાવોલ ફાટક પાસે છેલ્લા પાંચ વર્ષથી અવિરત ચાલતી પીવાના પાણીની પરબ સેવાની વાત વહેવડાવવી છે. સેવાના વૈવિધ્યપુર્ણ માધ્યમોમાં પરબ સેવાની પરંપરા ભારતીય સમાજજીવનમાં અનોખી ભાત ઉપસાવે છે. ગુજરાતના ગામે-ગામ અને શહેરે શહેરમાં જાહેર માર્ગો ઉપર મુસાફરો માટે પરબ સેવાની પરંપરા આપણી સંસ્કૃતિની આગવી ઓળખ છે. પાણી માનવ જીવન માટે અતિ આવશ્યક છે. પાણી બચાવવાના અભિયાન શાસન અને સમાજ દ્વારા વિવિધ સ્વરૂપે અને તબક્કે યોજાય છે, પરંતુ યોગ્ય સ્થળે, યોગ્ય સમયે માનવજાતને પીવા માટે પાણી ઉપલબ્ધ કરાવવું તે આપણી સંસ્કૃતિની દેણ છે. વર્ષો પૂર્વે રાજા-રજવાડાઓ ગામેગામ પાણીની પરબો મંડાવતા હતા. પરંતુ કાળક્રમે આ જવાબદારી સેવાભાવી સંસ્થાઓ અને સેવાના ભેખધારીઓએ ઉપાડી ભારતીય સંસ્કૃતિની જ્યોત જલતી રાખી છે.

આજે વાત આવી જ કંઈક નાનકડી ટમટમતી જ્યોતની કરવી છે. પાટનગર અને વાવોલના પાદર જોડાય છે એવી ભૂમિમાં છેલ્લા પાંચ વર્ષથી વાવોલના બાબરભાઈ રબારી પરબ સેવાની ધુણી ધખાવીને બેઠા છે. એવા જ વાવોલના વતની સુમનભાઈ અંબાલાલ પટેલના સહયોગથી દરરોજ ૧૦ મોટી કોઠી ભરીને પાણી અનેક રાહદારીઓની તરસ છીપાવે છે. દરરોજ કાપડના સ્વચ્છ ગરણાથી પાણી ગળાય છે. ઈલેક્ટ્રીક મોટર દ્વારા પાણીને કોઠીમાં ભરાય છે. આ નાની લાગતી કામગીરી આ બન્ને સેવાધારીઓના જીવનનો ક્રમ બની ગઈ છે. દર વર્ષે દસ નવી પાણીની કોઠીઓ સ્વખર્ચે ખરીદાય છે. એની સાફસફાઈથી લઈને તેની માવજત અને સ્વચ્છતા પર પુરતુ ધ્યાન કેન્દ્રિત કરવાની જવાબદારી પણ દૈનિક પ્રક્રિયાનો ભાગ બને છે. વાવોલ ફાટક પાસેના વડના છાયામાં ચાલતી પરબ સેવા સાક્ષાત માનવસેવાના મંદિરની અનુભુતિ કરાવે છે.

ભલે વાત નાની લાગે, પણ જ્યારે આ સેવા સાતત્યપુર્ણ બને છે ત્યારે એક મહાયજ્ઞ બની જાય છે. રોજ સવારે ઘરે ડોલ કે માટલુ ભરવાની પ્રક્રિયામાં અકળામણનો ભાવ ક્યારેક ઉપસે છે. ક્યારેક મોં મચકોડાય છે. જવાબદારીઓની હુંસાતુંસી થાય છે, પરંતુ સેવાના વ્રતધારીઓ ભાઈશ્રી બાબરભાઈ અને સુમનભાઈ અવિરત પાંચ-પાંચ વર્ષથી પરબ સેવા કરી માનવતાની મહેક પ્રસરાવે છે અને એટલે જ કહેવાનું મન થાય છે કે ગામ કે નગર-મહાનગરમાં હજારો મીટરની ક્ષમતાવાળી ટાંકી બનાવરાવવાની સમર્થતા કે ક્ષમતા શાસનમાં હોય પણ એક ગ્લાસ નિર્મળ પાણી તરસ્યા માણસને ઉપલબ્ધ કરાવાય ત્યારે એટલો જ સંતોષ ઉભયપક્ષે અનુભવાય છે. આવી પાવન પરબ સેવાના બન્ને સેવાધારીઓના ઉમદા અભિગમની પ્રેરણા પ્રભાતના પગરવ મારફતે ખૂણે ખૂણે પ્રસરાવવી છે - પાથરવી છે.

# બિન અનામત વર્ગો માટે આકર્ષક યોજના

અમદાવાદ, તા.૧૦

ગુજરાત સરકારે સવર્ણો માટે આજે આકર્ષક યોજનાઓનો વરસાદ કર્યો હતો જેના ભાગરુપે શ્રેણીબદ્ધ યોજનાઓ જાહેર કરીને સવર્ણ સમુદાયમાં ખુશીની લહેર ફેલાવી દીધી હતી. યોજનાઓના ભાગરુપે વિદેશ અભ્યાસ માટે ૧૫ લાખ અને ટ્યુશન ફી પેટે ૧૫૦૦૦ની મદદ કરવાની જાહેરાત કરવામાં આવી છે. બિનઅનામત વર્ગની ૫૮ જાતિઓના દોઢ કરોડ લોકોને ચાલુ શૈક્ષણિક વર્ષથી નવા લાભ મળશે. પાટીદારો માટે અનામત અને ખેડૂતોના દેવા માફી સહિતના મુદ્દાઓને લઈ પાટીદાર યુવા નેતા અને પાસના કન્વીનર હાર્દિક પટેલ તા.૨૫મી ઓગસ્ટથી આમરણાંત ઉપવાસ પર ઉતરનાર છે ત્યારે તે પહેલાં જ રાજ્ય સરકાર દ્વારા આજે એક મહત્વપૂર્ણ કૂટનીતિના ભાગરૂપે હાર્દિક પટેલના મનસૂબાઓ પર પાણી ફેરવાઈ જાય તે પ્રકારે આગામી લોકસભાની ચૂંટણીઓને ધ્યાનમાં રાખી બહુ ગણતરી સાથે સવર્ણ વર્ગના વિદ્યાર્થીઓ માટે સરકાર દ્વારા શૈક્ષણિક સહાય યોજનાઓ જાહેર કરવામાં આવી હતી. રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આ અંગેની સાત જેટલી આકર્ષક યોજનાઓની જાહેરાત કરતા જણાવ્યું હતું કે આ યોજનાનો લાભ ગુજરાતની ૫૮ સવર્ણ જ્ઞાતિઓના દોઢ કરોડ લોકોને મળશે. આજે જાહેર કરાયેલી તમામ યોજનાઓ આ વર્ષે શરુ થયેલા શૈક્ષણિક સત્રથી જ લાગુ પડી જશે તેમ પણ નીતિન પટેલે સ્પષ્ટ કર્યું હતું. હાર્દિક પટેલના ઉપવાસ આંદોલન શરૂ થાય તે પહેલાં જ સરકારે માસ્ટરસ્ટ્રોક મારી દેતાં ગુજરાતના રાજકારણમાં જોરદાર ચર્ચા શરૂ થઈ છે. તો, આ મામલે કોંગ્રેસ પણ જાણે બેકફુટ પર આવી ગયું છે.

- **દેશમાં અભ્યાસ માટે ૧૦ લાખ અને વિદેશ માટે ૧૫ લાખની લોન**
- **૫૮ જાતિઓના માસિક ૨૫ હજારથી ઓછી આવકવાળાને પરિવારોને જ મળશે સહાય**
- **ચાલુ શૈક્ષણિક વર્ષથી જ મળશે લાભ**
- **પાટીદાર અનામમત આંદોલનને દાબી દેવા ભાજપનો માસ્ટરપ્લાન**

● અનુસંધાન પાન-૭ પર

## આકર્ષક યોજનાના મુખ્ય મુદ્દા

- ધોરણ ૧૨માં ૬૦ ટકા કરતાં વધુ મેળવનાર વિદ્યાર્થીઓને મળશે લાભ
- કુંટુંબની વાર્ષિક આવક ત્રણ લાખ કરતાં ઓછી હોવી જોઇએ
- સ્વરોજગાર લક્ષી યોજનાઓ માટે ૧૦ લાખ રૂપિયા સુધીની સહાય
- ૪ ટકા લેખે સાદા વ્યાજે મળશે લોન
- આવક મર્યાદા ૩ લાખથી ઓછી હોય તેને મળશે સહાય
- તમામ સહાય વિદ્યાર્થીઓ જ ચૂકવવામાં આવશે.
- સંસ્થા કે ટ્યૂશન ક્લાસીસને ચૂકવવામાં આવશે નહીં.
- તમામ યોજનાનો લાભ આ વર્ષથી જ મેળવી શકાશે.
- અહીં અભ્યાસ માટે ૧૦ લાખ રૂપિયા જ્યારે વિદેશ અભ્યાસ માટે રૂ.૧૫ લાખની લોન ૪ ટકાના સાદા વ્યાજે
- છાત્રાલયમાં રહી અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓને મળશે
- તબીબ, વકીલ અને ટેકનીકલ સ્નાતકો માટે આપવામાં આવશે સહાય
- દેશમાં અભ્યાસ માટે ૧૦ લાખ અને વિદેશ માટે ૧૫ લાખ રૂપિયાની લોન
- બિન અનામત વર્ગો માટે સરકારની મોટી યોજના
- સ્વરોજગાર લક્ષી યોજનાઓ માટે ૧૦ લાખ સુધીની સહાય
- ૪ ટકા લેખે સાદા વ્યાજે મળશે લોન
- આવક મર્યાદા ૩ લાખથી ઓછી હોય તેને મળશે સહાય
- ચાર ટકાનાં સાદા વ્યાજે આપવામાં આવશે લોન
- નવા શૈક્ષણીક સત્રથી જ નવી યોજના અમલવામાં આવશે
- યુવતીઓને તમામ સ્થળે મફત શિક્ષણ આપવામાં આવશે
- ઉચ્ચ અભ્યાસમાં મોટો ખર્ચો થતો હોય છે જેમાં સહાય અપાશે
- વાર્ષિક આવક ત્રણ લાખથી ઓછી હશે તેને લોન મળવા પાત્ર
- ઈજનેરી, ટેકનોલોજી, ફાર્મસી, આર્કિટેક્ચર સહિતનાં તમામ અભ્યાસક્રમ માટે લોન

## યોજનાનો લાભ ઓનલાઇન મળશે

તમામ યોજના લાભ વિદ્યાર્થી સરળતાથી મેળવી શકે તે માટે તમામ પ્રક્રિયા ઓનલાઈન હશે. માત્ર એટલું જ નહીં તમામ સહાય વિદ્યાર્થીઓને જ ચૂકવવામાં આવશે. સંસ્થા કે ટ્યુશન ક્લાસિસને ચૂકવાશે નહીં. લોનની ચૂકવણીના રાહતભર્યા ધારાધોરણો અને માપદંડ પણ સરકાર દ્વારા નક્કી કરવામાં આવ્યા છે કે જેથી વિદ્યાર્થીઓ કે તેમના વાલીઓ પર કોઈ બોજ પડે નહી.

# ભારે વરસાદથી કેરળ બેહાલ

**ભારે વરસાદ અને તોફાનથી ભારે તબાહી : હજારોનું સ્થળાંતર : લોકપ્રિય પ્રવાસી સ્થળ મુન્નારમાં પણ સેંકડો લોકો ફસાયા : અનેક વિસ્તારમાં એક માળ સુધી ભરાયેલા પાણી**

કોચી,તા. ૧૦

કેરળમાં જળ તાંડવની સ્થિતીના કારણે લોકોની હાલત કફોડી બનેલી છે. ભારે વરસાદ અને ભેખડો ધસી પડવાના બનાવોમાં મોતનો આંકડો વધીને હવે ૩૦ ઉપર પહોંચી ગયો છે. કોચીમાંથી ૨૫૦૦ સહિત અન્ય વિસ્તારોમાંથી હજારો લોકોને સુરક્ષિત સ્થળે ખસેડી દેવામાં આવ્યા છે. રાજ્યના જુદા જુદા ભાગમાં રાહત કેમ્પ શરૂ કરવામાં આવ્યા છે. ૫૦૦થી વધારે રાહત કેમ્પો શરૂ કરવામાં આવ્યા છે. જ્યાં લોકોને રાખવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં કેરળમાં જુદા જુદા વિસ્તારમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. ભારે વરસાદના પરિણામ સ્વરુપે હજુ ચાર લોકો લાપતા પણ થયેલા છે. ૬૦થી વધુ લોકો લોકપ્રિય પ્રવાસી સ્થળ મુન્નારમાં ફસાયેલા છે. ઈડુક્કી ડેમની ક્ષમતા ૨૪૦૩ ફુટ છે અને આજે સવારે

● અનુસંધાન પાન-૭ પર



# રાજ્યસભામાં ત્રિપલ તલાક બિલ પર હોબાળો

**સંસદનું મોનસુન સત્ર પૂર્ણ પણ બિલ અટવાયું : ત્રિપલ તલાકનું બિલ સંસદના શિયાળુ સત્રમાં રજૂ કરાશે અંતિમ દિવસે ભારે હોબાળો : વટહુકમનો વિકલ્પ અકબંધ**

નવીદિલ્હી,તા. ૧૦

રાજ્યસભામાં સર્વસંમતિ ન સધાવવાના લીધે મોનસુન સત્રના છેલ્લા દિવસે ત્રિપલ તલાક બિલ ટળી ગયું છે. રાજ્યસભામાં સહમતિ નહીં રહેતા નિષ્ફળતા હાથ લાગી છે. આ બિલ મડાગાંઠના કારણે રજૂ થઈ શક્યું ન હતું. આજે રાજ્યસભાના ચેરમેન વેંકૈયા નાયડુએ કહ્યું હતું કે, બિલ પર ગૃહમાં એકતા દેખાતી નથી જેથી આને રજૂ કરી શકાશે નહીં. એક દિવસ પહેલા જ કેન્દ્રીય કેબિનેટે સુધારાને મંજુરી આપી હતી. એમ માનવામાં આવે છે કે, હવે તેને શિયાળુ સત્રમાં રજૂ કરવામાં આવશે. અલબત્ત સરકારની પાસે તેના ઉપર વટહુકમ લાવવા માટેનો વિકલ્પ રહેલો છે. જાણકાર લોકોનું કહેવું છે કે, રાજ્યસભામાં ત્રિપલ તલાક બિલ રજૂ કરવાના પ્રયાસથી ભાજપની પાસે હવે કોંગ્રેસને ભીંસમાં લેવાની તક મળી ગઈ છે. મોનસુન સત્રના છેલ્લા દિવસે કોંગ્રેસના સભ્યો દ્વારા ભારે ધાંધલ ધમાલ કરવામાં આવી હતી જેના લીધે રાજ્યસભાની કાર્યવાહી મોકૂફ કરવામાં આવી હતી. સંસદનું મોનસુન સત્ર આજે પૂર્ણ થયું હતું. ત્રિપલ તલાકને વર્તમાન સત્રમાં જ રજૂ કરવાના ભાજપ સરકારના ઈરાદા ઉપર પાણી ફરી વળ્યું છે.

આ પહેલા યુપીએના અધ્યક્ષ સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, ત્રિપલ તલાકને લઈને કોંગ્રેસનું વલણ બિલકુલ સ્પષ્ટ છે. કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષોના સભ્યોએ રાફેલ વિમાન સોદાબાજીમાં અનિયમિતતાને લઈને કેન્દ્ર સરકાર પાસેથી જવાબની માંગ કરીને સંસદ સંકુલમાં સોનિયા ગાંધીના નેતૃત્વમાં દેખાવો કર્યા હતા.

# મુંબઈમાં વિસ્ફોટકોનો જથ્થો જપ્ત

**એકની ધરપકડ : ઝડપયેલા શખ્સના સનાતન સંસ્થા સાથે સંબંધ હોવાના અહેવાલ : વ્યાપક દરોડા બાદ એટીએસને સફળતા મળી**

મુંબઈ,તા. ૧૦

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં મોટી સફળતા હાંસલ થઈ છે. આતંકવાદ વિરોધી ટુકડીએ નાલાસોપારા વિસ્તારમાં એક ઘરમાંથી આઠ દેશી બોંબ પકડી પાડ્યા છે. આ ઉપરાંત અન્ય વિસ્ફોટકો પણ જપ્ત કર્યા છે. આ ઘર વૈભવ રાવત નામની વ્યક્તિનું છે. એમ માનવામાં આવે છે કે, વૈભવના સંબંધ સનાતન સંસ્થા સાથે છે. અલબત્ત સંસ્થાએ આ બાબતને વખોડી કાઢીને આને અયોગ્ય ગણાવી

● અનુસંધાન પાન-૭ પર

## ગુમ થયેલ છે



અમારી દિકરી

**વર્ષાબેન શિવાભાઈ પુરોહિત ઉં.વ.૨૦**

તા. ૨૦/૭/૨૦૧૮ના રોજ ઘરેથી કહ્યા નગર ચાલ્યા ગયા છે. જે કોઈને જાણ થાય તો નીચેના નંબર ઉપર સંપર્ક કરવો અથવા **નજીકના પોલીસ સ્ટેશને જાણ કરવા વિનંતી.**

**9825414921, 9898824676**

ભાડે જોઈએ છે

નવા સેક્ટરોમાં પ્રિ-સ્કુલ માટે સ્વતંત્ર બંગલો ભાડે જોઈએ છે.

સંપર્ક

મો. ૯૦૯૯૦ ૧૩૪૦૭

ઓગસ્ટ થી દિવાળી કપલ/ફેમીલી/LTC પ્રવાસો

આંદામાન-નિકોબાર
હેવલોક-નીલ આઇલેન્ડ

સ્પે.કેરાલા — મુન્નાર-થેકડી
દાર્જીલીંગ — ગંગટોક-પેલીંગ
સિમલા — મનાલી-ડેલ-અમૃત
કુર્ગ-કબિની — વાયનાડ-હસન
ભુતાન — પારો-થિમ્પુ-પુનાખા
નૈનિતાલ — કોર્બેટપાર્ક-મસૂરી

Since 1951
નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા,સ્ટેડીયમ સર્કલ
સી.જી.રોડ,અમદાવાદ
26562322/24/25
M.:9427455274/9724303375/9898023955

ગોકુલ સાડી

રક્ષાબંધન નિમિત્તે ખાસ ઓફર

લેટેસ્ટ ફેશન ગોકુલ સાડીઓ ફક્ત 50% ડીસ્કાઉન્ટમાં મેળવો.

ભવાન ભરવાડ

પ્લોટ નં. ૮૦૯, સેક્ટર-૦૬,
સંત રોહિદાસ મંદિરસામે, ગાંધીનગર

હિરલ વ્યાસ : ૯૬૩૮૨૪૬૦૮૪ ● ગીતાબા : ૯૫૩૭૬ ૩૮૧૩૭

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

## હાર્દિક અભિનંદન



શ્રી મહેશભાઈ અમીચંદભાઈ પટેલ
ચેરમેનશ્રી,
ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.

ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં ચેરમેન તરીકે બિનહરીફ ચૂંટાઈ આવતા અમો સૌ આપને ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ છીએ... તેમજ આપ સતત પ્રગતિના સોપાન સર કરો તેવી અમારી શુભકામના....

ધી ઈટાડી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.
મુ. પો. ઈટાડી, તા. મોડાસા, ડી. અરવલ્લી

શ્રીમતી નયનાબેન નવનીતલાલ પટેલ — ચેરમેનશ્રી
શ્રી નટવરસિંહ છગનસિંહ પરમાર — વાઈસ ચેરમેનશ્રી
શ્રી મણીભાઈ વિરાભાઈ પરમાર — આ. ઓડીટર-ધનસુરા વેટરનરી સેન્ટર

વ્યસ્થાપક સમિટી સભ્યશ્રી

વિમળાબેન કમલેશભાઈ પટેલ
રોહિતભાઈ રમેશભાઈ બારોટ
ભાનુબેન ગણપતભાઈ બારોટ
અલ્પાબેન રણજીતભાઈ મકવાણા
કાળાભાઈ અરજનભાઈ પરમાર
ગોરધનભાઈ ગંભીરભાઈ બારોટ
લીલાબેન મુકેશભાઈ પટેલ
શૈલેષભાઈ બાબુભાઈ બારોટ
ચેતનાબેન મહેશભાઈ મકવાણા
જયાબેન કેશાભાઈ મકવાણા
દિનેશભાઈ દલસુખભાઈ વાળંદ
કોકીલાબેન દેશાભાઈ ચમાર

કર્મચારી ગણ

શ્રી બાબુભાઈ નાથાભાઈ પટેલ — સેક્રેટરી
શ્રી પટેલ રસિકભાઈ ડાહ્યાભાઈ — ટેસ્ટર
શ્રી બારોટ દશરથભાઈ કુબેરભાઈ — ક્લાર્ક
શ્રી બારોટ ચેતનભાઈ બાબુભાઈ — હેલ્પર



અમૃતપુરી એમ. ગોસ્વામી
(૧૩.૧૨.૧૯૫૬ - ૧૧.૮.૨૦૧૫)

અમારે માટે તો તમે છો નિરંતર પ્રેરણા શ્રોત, અમારા પ્રત્યેક વિચાર અને કાર્યમાં પથદર્શક, અમારા સ્વપ્નો, અમારા પ્રયત્નો અને અમારી પ્રતિબદ્ધતામાં તમે સદા જીવંત રહો....

न जायते प्रियते वा कदाचिन्नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यामाने शरीरे ॥
આત્માને ના જન્મ, ના મૃત્યુ; ના આદિ, ના અંત.
અજન્મ અને અમર એવો એ સનાતન સદાય,
ના કોઈને હણે, ના કોઈથી હણાય.
- ભાગવદ ગીતા (અધ્યાય ૨ - શ્લોક ૨૦)

### પ્રેરણા સ્મૃતિમાં

જયાબેન અમૃતપુરી ગોસ્વામી

મેહુલ એ. ગોસ્વામી
રવિપુરી એ. ગોસ્વામી
દિવ્યા એમ. ગોસ્વામી
કુ. ધ્રીશા એમ. ગોસ્વામી

૧૬૭૬/૧, સેક્ટર-૨-ડી, ગાંધીનગર. મો. ૯૮૨૫૦ ૭૪૫૦૦